GJ/04/Oct-Nov/2024

**બિલિવર્સ ઈસ્ટર્ન ચર્ચ વૈશ્વિક મુખ્યાલય**

મેટ્રોપોલિટનની ઓફિસ, સિનડ સેક્રેટરિયટ, સંત. થોમસ કમ્યૂનિટી, થિરૂવલ્લા, કેરલા, ભારત.

**ઘેટાંપાળકનો પત્ર**

ઓક્ટોમ્બર /નવેમ્બર ૨૦૨૪

બધા આર્ચબિશપ અને બિશપગણ , યાજકો, ડિકન ફાધર્સ, સુવાર્તિકો, ઓર્ડર ઓફ સિસ્ટર અને વિશ્વભરના બિલિવર્સ ઈસ્ટર્ન ચર્ચના બધા વિશ્વાસુઓને, પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામે આશીર્વાદ અને શુભેચ્છાઓ. આમીન! ✠

ખ્રિસ્તમાં મારા વ્હાલાઓ,

જેમ પ્રકૃતિમાં ઋતુઓ હોય છે, તેવી જ રીતે ચર્ચમાં પણ હોય છે. આપણું આધ્યાત્મિક વર્ષ ઉપવાસ અને પર્વો તથા અનુશાસન જેમ કે પ્રાર્થના, ઉપવાસ અને દયા દાન દ્વારા ચિહ્નિત થાય છે, જે આપણને ખ્રિસ્તની સમાનતામાં મજબૂત કરવા માટે રચાયેલ છે. ઉત્પત્તિ ૮:૨૨માં લખવામાં આવ્યું છે: "હવેથી, જ્યાં સુધી પૃથ્વી ટકી રહેશે ત્યાં સુધી વાવવાનું અને કાપવાનું સમય, ઠંડી અને પાનખર, ઉનાળો અને શિયાળો, દિવસ અને રાત નિરંતર થતા રહશે." આ સમય અને પરંપરાઓ બોજો નથી પરંતુ આશીર્વાદ છે, જે આપણા વિશ્વાસ અને સાક્ષીમાં દ્રઢતાથી અને ઊંડાઈથી વિકાસ કરવામાં આપણને મદદ કરે છે.

નવેમ્બર મહિનો નવા લિટરજીકલ વર્ષની શરૂઆતને ચિહ્નિત કરે છે, જેનું સ્વાગત ઘોષણા અને આગમનની પવિત્ર ઋતુ દ્વારા કરવામાં આવે છે. પાછલા વર્ષ પર વિચાર કરવા અને નવા આધ્યાત્મિક સંકલ્પો કરવા માટે આ એક આદર્શ સમય છે. કદાચ તમે પવિત્ર શાસ્ત્ર વાંચવાની અવગણના કરી હશે. મંડળીની સેવાઓમાં ભાગ લેવામાં નિષ્ફળ ગયા છો, અથવા આધ્યાત્મિક આળસમાં પડી ગયા છો. ચાલો આપણે નિયમિતપણે દૈવીય લિટરજીની સેવામાં, પવિત્ર પ્રભુભોજમાં ભાગ લેવાનું અને કુટુંબની પ્રાર્થનાને ગંભીરતાપૂર્વક લેવાનો સંકલ્પ કરીએ. પરમેશ્વરની મંડળીને મજબૂત કરવા અને ઈશ્વરના પ્રેમને બીજાઓ સાથે વહેચવા માટે તેમના દ્વારા આપવામાં આવેલા વરદાનોના ઉપયોગ કરવા દ્વારા મંડળીની સેવાઓમાં અધિક સક્રિય રીતે ભાગ લો.

હું, માતાપિતાને વિનંતી કરું છું કે તમારા બાળકોને મંડળીના કેલેન્ડરનું પાલન કરવાનું શીખવો. તેમની આધ્યાત્મિક રચના ઘરથી શરૂ થાય છે, તે તેમનો પાયો છે; અને તે મહત્વનું છે કે તેઓ નાની ઉંમરથી જ પ્રાર્થના, ઉપવાસ, દાન આપવા અને વિશ્વાસમાં જીવતા શીખે. યુવાનો માટે, હું પ્રેરિત સંત પાઉલના શબ્દોનો યાદ અપાવું છું: "કોઈ તારી જુવાનીને તુચ્છ ના સમજે :" પરંતુ તમારા કાર્યો દ્વારા ઉદાહરણ બનો (૧ તિમોથી ૪:૧૨).

જેમ આપણે પવિત્ર મંડળીના આ નવા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ, ત્યારે આપણે તેને 'સમયની નિશાની' તરીકે નહીં, પરંતુ પોતાને ફરીથી સમર્પિત કરવાની તક તરીકે ગણીએ. આપણા સંકલ્પો, દુન્યવી સંકલ્પોથી વિપરીત, માત્ર માનવ ઈચ્છાશક્તિમાં જ નથી પરંતુ ઈશ્વરની કૃપા અને સામર્થ્યમાં છે. ચાલો સાથે મળીને આ યાત્રા પૂરી કરીએ, આનંદની સાથે દિવસોની પર્વોની ઉજવણી કરીએ અને વિનમ્રતા અને પશ્ચાતાપમાં ઉપવાસોનું પાલન કરીએ, ખ્રિસ્તમાં એક શરીરના રૂપમાં સાથે મળીને વધતાં જઈએ.

હું સંત પાઉલની સાથે પ્રાર્થના કરું છું કે તમે "... પહોળાઈ, લંબાઈ, ઊંચાઈ અને ઊંડાઈ અને ખ્રિસ્તનો પ્રેમ શું છે તે જાણી શકો." (એફેસી ૩:૧૭-૧૯). પવિત્ર ત્રિએકના અસિમિત સામર્થ્યથી જે આપણામાં કાર્ય કરે છે, મંડળી અને સંસારમાં બધા સંતો અને પવિત્ર થિયોટોકોસની મધ્યસ્થી દ્વારા આપણા જીવનમાં મહિમા અને સન્માન લાવે,હમણાં સદા અને સર્વદા. આમીન.✠

ખ્રિસ્તમાં, તમારા પિતા,

મોરન મોર સેમ્યુઅલ થિઓફિલસ
મેટ્રોપોલિટન

તારીખ:૨૫ ઓક્ટોબર ૨૦૨૪
સ્થાન: **વૈશ્વિક ચર્ચ મુખ્યાલય**

---

**નોંધ: આ પત્ર વિશ્વાસીઓના પ્રોત્સાહન માટે દરેક સ્થાનિક મંડળીમાં વાંચવામાં આવે.**